ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ.
સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ,
વડોદરા - ૩૯૦ ૦૦૭.
ફોન નં.૨૩૧૦૫૮૨-૮૪ ફેક્સ: ૨૩૧૧૭૯૭
CIN U40109GJ2004SGC045195

GUVNL
An ISO 9001:2015 Company

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક:જીયુવીએનએલ/એચઆર/૫૧૮ તા: ૨૧/03/૨૦૨૦

**પરિપત્ર:-**

વિષય:- નોવેલ કોરોના વાયરસ-૨૦૧૯ (covid-19) અંગે તકેદારીના ભાગરૂપે લેવાના પગલાં બાબત.

સંદર્ભ: ૧. અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગરનો પરિપત્ર ક્રમાંક: એનસીવી-૧૦૨૦૨૦-૨૫૬-ગ તા:૧૩/03/૨૦૨૦

૨. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામું તા:૧૫/03/૨૦૨૦

3. અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક: જીયુવીએનએલ/એચઆર/૫૨૩ તા:૧૭/03/૨૦૨૦

૪. અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક: જીયુવીએનએલ/એચઆર/૫૨૩ તા:૧૮/03/૨૦૨૦

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા **"નોવેલ કોરોના વાયરસ-૨૦૧૯ (covid-19)"** ને **"વૈશ્વિક મહામારી"** જાહેર કરવામાં આવેલ છે. નોવેલ કોરોના વાયરસ-૨૦૧૯ (covid-19) વિશ્વના અનેક દેશોમાં ફેલાયેલ છે. ભારતમાં ઘણા રાજ્યોમાં પણ આ રોગના દર્દીઓ વધતા જાય છે અને ગુજરાતમાં પણ આ રોગના કેસ નોંધાયેલ છે.

ઉપરોક્ત બાબત ધ્યાને લેતા રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તકેદારીના ભાગરૂપે કેટલીક સૂચનાઓ આપવામાં આવેલ છે જે ઉપરોક્ત સંદર્ભિત પરિપત્ર ૩ અને ૪ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ.

રાજ્ય સરકારની ઉપરોક્ત સૂચનાઓ અને જીયુવીએનએલ દ્વારા બહાર પાડવામાં આવેલ સૂચનાઓ ઉપરાંત જીયુવીએનએલ અને તેની સંલગ્ન તમામ કંપનીઓમાં તાત્કાલીક અસરથી નીચે જણાવેલ પગલાંઓ લેવા સક્ષમ અધિકારીશ્રીની આજ્ઞાનુંસાર જણાવવામાં આવે છે.

૧. જીયુવીએનએલ અને સંલગ્ન વીજ વિતરણ કંપનીઓ દ્વારા ઈન્સ્ટોલેશન ચેકીંગ ડ્રાઈવ તથા ડીસકનેક્શન અને માસ મેઈન્ટેનન્સ ડ્રાઈવ તા:૩૧/03/૨૦૨૦ સુધી મોકૂફ રાખવા જણાવવું.

૨. જીયુવીએનએલ અને સંલગ્ન કંપનીઓના લાઈન સ્ટાફ તેમજ ફીલ્ડ સ્ટાફ કે જેઓને ઓફિસની બહાર કામગીરી કરવા જવાનું થતું હોય તેઓને જરૂરિયાત મુજબ "માસ્ક" આપવા અને માસ્કની વ્યવસ્થા થાય ત્યાં સુધી સાવચેતીના ભાગરૂપે પોતાના મોં પર રૂમાલ બાંધી તકેદારી જાળવી રાખે તે માટે સૂચના આપવા જણાવવું.

3. જીયુવીએનએલ અને તેની સંલગ્ન કંપનીઓમાં નોન ટેકનીકલ કેડરમાં કામ કરતાં વર્ગ-૩ અને ૪ ના કર્મચારીઓને સ્ટેગર્ડ કરી જરૂરિયાત મુજબ બોલાવી શકાય. આ અંગે જે તે ઓફિસના તથા વિભાગના વડાએ નિર્ણય લેવાનો રહેશે.

૪. જીયુવીએનએલ અને તેની સંલગ્ન કંપનીઓમાં ફરજ બજાવતા એપ્રેન્ટીસ તાલીમાર્થીઓ પણ મોટી સંખ્યામાં બહારથી આવતા હોવાથી તેઓને તા:૩૧/03/૨૦૨૦ સુધી રજા આપવા જણાવવું.



Scanned with CamScanner

૫. આઉટ-સોર્શીંગ એજન્સીઓ એટલે કે, સીક્યુરીટી, સાફ-સફાઈ તથા કચેરીમાં કામ કરતાં અન્ય કોન્ટ્રાક્ટના માણસોને કોન્ટ્રાક્ટર દ્વારા ''માસ્ક'' પૂરા પાડવા તથા આવા કોન્ટ્રાક્ટરોના કર્મચારીઓના દૈનિક સ્વાસ્થ્ય અંગેનો રેકોર્ડ રાખવાનો રહેશે. જો કોઈ કોન્ટ્રાક્ટના કર્મચારીમાં સ્વાસ્થ્ય અંગેના વિપરિત લક્ષણો જણાય તો તેવા કર્મચારીને ''આઈસોલેટ'' કરવાની તાત્કાલીક કાર્યવાહી કરવા જણાવવું.

૬. કચેરીમાં આવતા મુલાકાતીઓમાં વેન્ડર, સપ્લાયર્સ અને ગ્રાહકો તેમજ તે સિવાયના અન્ય મુલાકાતીઓએ તા:૩૧/03/૨૦૨૦ સુધી જીયુવીએનએલ અને તેની સંલગ્ન કંપનીઓની કચેરીઓની રૂબરૂ મુલાકાત ન લેતા ઈ-મેઈલ, ફોન દ્વારા સંપર્ક સાધવા જણાવવું.

૭. ગ્રાહક ફરિયાદ નિવારણ કેન્દ્ર ઉપર ફરિયાદ અંગે ગ્રાહકો વીજ વિતરણ કંપનીની કચેરીએ રૂબરૂ મુલાકાત ન લેતા તેઓની ફરિયાદ ઈ-મેઈલ, મોબાઈલ ફોન કે ટેલીફોન દ્વારા નોંધાવવા વિનંતી કરતી નોટીસ વીજ વિતરણ કંપનીઓ દ્વારા જાહેરમાં મૂકવા તથા જાહેર ખબર દ્વારા પ્રસિદ્ધ કરવા જણાવવું.

આ ઉપરાંત જીયુવીએનએલ દ્વારા સાવચેતીના પગલાં રૂપે અત્રેની કચેરીના પરિપત્ર તા:૧૭/03/૨૦૨૦ અને તા:૧૮/03/૨૦૨૦ થી કેટલાક સૂચનો આપેલ છે તેનું અચૂક પાલન સંલગ્ન કંપનીઓમાં થાય તે સુનિશ્ચિત કરવા જણાવવા આથી વિનંતી છે.

(signature) ૨૧/૩/૨૦

( એમ. એ. શેખ )
ઈ/ચા. એડી.જનરલ મેનેજર (એચ.આર.)

પ્રતિ,

૧. માનનીય મેનેજીંગ ડીરેક્ટરશ્રી, જીસેક/જેટકો/એમજીવીસીએલ કોર્પોરેટ ઓફિસ, વડોદરા.
૨. માનનીય મેનેજીંગ ડીરેક્ટરશ્રી, પીજીવીસીએલ- રાજકોટ, /ડીજીવીસીએલ-સુરત /યુજીવીસીએલ-મહેસાણા.
3. જીયુવીએનએલ અને સંલગ્ન કંપનીના તમામ કંપનીના વિભાગના વડાશ્રી.
   ઉપરોક્ત સૂચનાઓ અંગે સંબંધિત વિભાગને જરૂરી પગલાં લેવા તથા સતર્ક રહેવા જણાવવા અનુરોધ છે.
૪. કાર્યપાલક ઈજનેરશ્રી (સં અને નિ.) એમજીવીસીએલ, બરોડા ડીવીઝન ઓફિસ, વિદ્યુતનગર કોલોની, વડોદરા.
   વિદ્યુતનગર ખાતેનો સ્વીમીંગ પુલ તા:૧૫/03/૨૦૨૦ થી અન્ય સૂચના ન મળે ત્યાં સુધી બંધ રાખવા અંગેની સૂચનાનું પાલન કરવા બાબત.
૫. તમામ કંપનીના કંપની સેક્રેટરીશ્રી,
   મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સની સૂચના અનુસાર આપની કંપની દ્વારા લેવાયેલ તમામ પગલાંની જાણ મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ, નવી દિલ્હીને સમયાંતરે કરવા વિનંતી છે.

**નકલ સવિનય રવાના:-**

૧. અંગત સચિવશ્રી, માન. અધ્યક્ષશ્રી જીયુવીએનએલ અને અધિક મુખ્ય સચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું કાર્યાલય, બ્લોક નં.૫, ૫ મો માળ, સચિવાલય, ગાંધીનગર
૨. અંગત સચિવશ્રી, માન.મેનેજીંગ ડરીક્ટરશ્રીનું કાર્યાલય, જીયુવીએનએલ વડોદરા.
3. અંગત સચિવશ્રી, માન.ડાયરેક્ટરશ્રી (ટેકનીકલ)નું કાર્યાલય, જીયુવીએનએલ વડોદરા.
૪. અંગત સચિવશ્રી, માન. એડી.જી.પી.(એસ.)નું કાર્યાલય, જીયુવીએનએલ વડોદરા.



Scanned with CamScanner